| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૩ | ૦૬ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૩ | ૦૬ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૦ | ૦૬ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

**મે. આઠમા એડિશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં ગાંધીધામ–કચ્છ.**

**ફો.પ.અ.નં.૪૩૭/૨૦૨૬**

**આંક:**

**અરજદાર:–** **ખેંગાર જુમા કુફલ**
ઉ.વ.૪૫, ધંધો: નોકરી,
રહે. એફ–૧૪૫, ગોપાલપુરી,
ગાંધીધામ–કચ્છ.

**વિરુધ્ધ**

**સામાવાળા:–** **૧. રાજેશ સોમચંદ કેનીયા**
રહે. ઘર નં.૩૨૦, ગણેશનગર,
સેકટર–૬, ગાંધીધામ–કચ્છ.

**૨. શ્રી સરકાર**

**અરજદાર તરફે વિ.વ.શ્રી ટી.એન.ઠાકવાણી**

**સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી પી.એમ.મહેશ્વરી**

**<u>સામાવાળા નં./સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.આર.જાડેજા</u>**

**<u>બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન</u>**

**<u>મેળવવા બાબત અરજી.</u>**

**–:: ઠરાવ ::–**

૧. જામીન અરજી તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. અરજદાર તરફે વિ.વ.શ્રી ટી.એન.ઠાકવાણીને તથા સામાવાળા નં.૨/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.આર.જાડેજાને સાંભળ્યા. સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રીનો શેરો ધ્યાને લીધો.

૨. હાલના અરજદાર/આરોપીએ વિ.ટ્રાયલ કોર્ટે ક્રિ.કે.નં.૧૭૧૭/૧૬ ના કામે તા.૧૫–૧૨–૨૪ ના રોજ આપેલ જજમેન્ટ વિરુધ્ધ ક્રિમીનલ અપીલ નં.૩૭/૨૫ થી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલવા દરમ્યાન અરજદાર/આરોપી અદાલતમાં હાજર ન રહેતા તેઓ વિરુધ્ધ નોન–બેલેબલ વોરન્ટ ઈસ્યુ કરવામાં આવેલ, જે વોરંટના કામે અરજદારને જયુડી.કસ્ટડીમાં લેવામાં આવેલ હોઈ, અરજદાર તરફે જામીન મુકત થવા માટે બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે જામીન મુકત થવા માટે જે કારણો જણાવેલ છે તે તમામ લેખીત સ્વરૂપે ઉપલબ્ધ હોય તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હુકમ હોય તે તમામ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તે તમામ કારણો વંચાણે લીધેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ટી.એન.ઠાકવાણી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલવા દરમ્યાન અરજદાર/આરોપી અદાલતમાં હાજર ન રહેતા તેઓ વિરુધ્ધ પકડ વોરંટ ઈસ્યુ થતા વોરંટમાં કસ્ટડીમાં લીધેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી દીનદયાલ પોર્ટમાં નોકરી કરે છે અને તેમના પરીવાર સાથે રહે છે. અરજદારના શીરે તેમના પરીવારની જવાબદારી રહેલી છે. અરજદાર

નાશીભાગી જાય તેમ નથી. અરજદાર અપીલના કામે દર મુદતે કોર્ટમાં હાજર રહેશે. અરજદાર નામ.કોર્ટ ફરમાવે તેવી શરતોનું પાલન કરવા તૈયાર છે. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઇ અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન મુકત કરવા અરજ ગુજારેલ છે.

૩.૧ સામાવાળા નં.૧ તરફે વિ.વ.શ્રી પી.એમ.મહેશ્વરી નાઓએ અરજી લગત શેરો કરેલ છે કે, ''આ કામના અરજદાર ફો.પ.અ.નં.૩૪૯/૨૨ વાળા કામે જામીન મુકત થવા જામીન અરજી કરતા નામ.કોર્ટના હુકમની શરત નં.૩ મુજબ રૂા.૧,૦૦,૦૦૦/– જમા કરાવવા દિન–૩૦ માં ભરવા હુકમ કરેલ, જે રકમ અરજદારે ભરેલ નથી તેમજ અપીલના કામે પણ ૨૦% રકમ જમા કરાવેલ નથી. જેથી જામીન મુકત થવા વાંધો છે'' તેમ જણાવેલ છે.

૩.૨ સામાવાળા નં.૨/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.આર.જાડેજા નાઓએ દલીલ કરેલ છે કે, અરજદાર કેસની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન અદાલત સમક્ષ મુદતે હાજર ન રહેતા કેસ લંબાયેલ છે. અરજદારને જામીન મુકત કરવામાં આવશે તો મુદતે હાજર રહેશે નહીં. જેથી અરજદારની જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

૪. પક્ષકારોની રજુઆત તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. અરજદાર/આરોપીએ વિ.ટ્રાયલ કોર્ટે ક્રિ.કે.નં.૧૭૧૭/૧૬ ના કામે તા.૧૫–૧૨–૨૪ ના રોજ આપેલ જજમેન્ટ વિરુધ્ધ ક્રિમીનલ અપીલ નં.૩૭/૨૫ થી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે. સદર કેસની ઇન્સાફી કાર્યવાહી ચાલવા દરમ્યાન અરજદાર/આરોપી અદાલતમાં હાજર ન રહેતા તેઓ વિરુધ્ધ નોન–બેલેબલ વોરન્ટ ઇસ્યુ કરવામાં આવેલ તેમજ અરજદારને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલ હોવાનું જણાય છે. આ કામનું સમગ્ર રેકર્ડ જોવામાં આવે તો અપીલ દાખલ થયા બાદ આંક–૫ તળે કરવામાં આવેલ તા.૩૧–૫–૨૫ ના હુકમ મુજબ આરોપીએ જામીન આપેલ છે અને તેઓ જામીન મુકત થયેલ છે, પરંતુ સદર હુકમમાં નિર્દીષ્ટ કરવામાં

આવેલ વળતરની ૨૦% ની રકમ આરોપીએ દિન–૩૦ માં જમા કરાવેલી હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, આજદીન સુધી આરોપી દવારા અત્રેની કોર્ટે કરેલ હુકમનું પાલન કરેલ નથી. ત્યારબાદ પણ આરોપી અપીલના કામે ગેરહાજર રહેતા તેમની વિરુધ્ધ ધરપકડ વોરંટ કાઢવામાં આવેલ જે વોરંટ સબબ તેમની અટક થતા આરોપીને તા.૭–૩–૨૬ ના રોજ ન્યાયીક હિરાસતમાં લેવામાં આવેલ છે. હાલની જામીન અરજીમાં અરજદાર/આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, તેમના ફરીયાદી સાથેના સમાધાનના પ્રયત્નો ચાલતા હતા જે સમય દરમ્યાન સદર કેસની તારીખનું ધ્યાન ન રહેતા તેઓ હાજર રહી શકેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આરોપી છેલ્લા ત્રણ માસથી વધુ સમયથી ન્યાયીક હિરાસતમાં છે અને તેમને જામીન મુકત કરવામાં આવે તો તેઓ કોર્ટ દવારા કરવામાં આવેલ તમામ હુકમોનું પાલન કરશે. તેમજ અરજદાર હવે પછી નામ. અદાલતમાં દર મુદત તારીખે નીયમીત હાજર રહેવાની બાહેંધરી આપતા હોઈ તેમજ અદાલત ફરમાવે તેવી શરતોનું પાલન કરવા અને જામીન આપવા ખુશી અને તૈયાર હોઈ, વધું સમય માટે આરોપીને જયુડી.કસ્ટડીમાં રાખવાથી ન્યાયનો હેતુ સરે તેમ નથી. જેથી, સદર તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને યોગ્ય અને કડક શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચિત જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

અરજદાર/આરોપીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે. અરજદાર/આરોપી ખેંગાર જુમા કુફલ નાઓએ ફોજદારી અપીલ નં.૩૭/૨૫ ના કામે આંક–૫ લગત તા.૩૧–૫–૨૫ ના રોજ થયેલ હુકમ મુજબ વિ.ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ મુજબની ૨૦% ની વળતર પેટેની રકમ અત્રેની અદાલતમાં ભર્યેથી તથા રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન સહીતના જાતમુચરકા અત્રેની અદાલતમાં આપ્યેથી અરજદાર/આરોપીને નીચેની શરતોએ જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો:–**

(૧) અરજદાર/આરોપીએ નિયમીત રીતે મુદત તારીખે અત્રેની અદાલતમાં અચુકપણે હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ તેનું કાયમી તથા હંગામી સરનામું પુરાવા સાથે અત્રેની અદાલત સમક્ષ રજુ કરવું તથા તેમાં ફેરફાર થયેથી અત્રેની અદાલતને તેની જાણ કરવી.

(૩) અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન મુદત તારીખે નીયમીત અદાલતમાં હાજર રહે તે અંગે વિ.વ.શ્રીએ પુરતી તકેદારી રાખવી.

(૪) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતોનું પાલન કરવામાં અરજદાર/આરોપી ભંગ કરે તો જામીન રદ ગણવામાં આવશે.

હુકમ આજરોજ તા.૧૦મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**ગાંધીધામ–કચ્છ.**
**તા.૧૦–૦૬–૨૦૨૬**

**(લલીત દીલીપ વાઘ)**
**આઠમા એડીશ્નલ સેશન્સ જજ**
**ગાંધીધામ–કચ્છ.**
**(યુ.આઈ.સી. નં.જીજે.૦૧૦૮૭)**